Malashree J. S. Godhani Mahila Arts & Comm. College
Joshipura
Junagadh
College Code-70
Zone Code-94

ज्ञान-विज्ञान विमुक्तये

# University Grants Commission, New Delhi.
## Post Doctoral Scheme 2017

# ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી: એક અધ્યયન
## (સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સંદર્ભે)
# गुजराती-हिन्दी जीवनकथाओं में स्त्री : एक अध्ययन
## (सामाजिक, शैक्षणिक और आर्थिक संदर्भ में)

**માતૃશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી**
**શ્રી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જુનાગઢ**
**અંતર્ગત UGC-Post Doctoral Research (ગુજરાતી) માટે પ્રસ્તુત સંશોધન સારાંશ**

## Synopsis

**શોધાર્થી**
**ડૉ. હરેશકુમાર વિરાજીભાઈ પરમાર**

**શોધ માર્ગદર્શક**
**પ્રો. જે. એમ. પારઘી**
**હેડ, ગુજરાતી વિભાગ,**

**માતૃશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી**
**શ્રી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જોષીપુરા, જુનાગઢ**

**2022**

ज्ञान-विज्ञान विमुक्तये

# University Grants Commission, New Delhi.
# Post Doctoral Scheme 2017

## ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી: એક અધ્યયન
## (સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સંદર્ભે)
## गुजराती-हिन्दी जीवनकथाओं में स्त्री : एक अध्ययन
## (सामाजिक, शैक्षणिक और आर्थिक संदर्भ में)

માતૃશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી
શ્રી મહિલા આટ્‌ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જોષીપુરા, જુનાગઢ
અંતર્ગત UGC-Post Doctoral Research (ગુજરાતી) માટે પ્રસ્તુત સંશોધન સારાંશ

## Synopsis

Matashree J. S. Godhani Mahila Arts & Comm. College
Joshipura
Junagadh
362 002


શોધાર્થી
ડૉ. હરેશકુમાર વિરાજીભાઈ પરમાર

શોધ માર્ગદર્શક
પ્રો. જે. એમ. પારઘી
DR. JIVARAJ PARGHI
ASSOCIATE PROFESSOR
AND HOD
DEPARTMENT OF GUJARATI
SHREE MAHILA ARTS AND COMMERCE COLLEGE
JOSHIPURA, JUNAGADH

ડૉ. જે. એ. સોજિત્રા
આચાર્યશ્રી
PRINCIPAL
Matashree J. S. Godhani
Mahila Arts & Comm. College,
Joshipura, Junagadh


માતૃશ્રી જમનાબા શામજીભાઈ ગોધાણી
શ્રી મહિલા આટ્‌ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જોષીપુરા, જુનાગઢ

2022

# ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રીઃ એક અધ્યયન (સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સંદર્ભે)

# गुजराती-हिन्दी जीवनकथाओं में स्त्री : एक अध्ययन (सामाजिक, शैक्षणिक और आर्थिक संदर्भ में)

## Synopsis

1. શીર્ષક (Title)
2. પ્રસ્તાવના/વિષય પ્રવેશ (Introduction/Background)
3. સંબંધિત સાહિત્યની સમીક્ષા (Review of Literature)
4. સંશોધન સમસ્યા (Research Problem)
5. સંશોધનના ઉદ્દેશ્યો/હેતુઓ (Objectives of the Research)
6. સંશોધન પ્રશ્નો (Research Questions)
7. સંશોધનનું ક્ષેત્ર અને મર્યાદા (Scope and Limitations)
8. સંશોધન પદ્ધતિ (Research Methodology)
9. પ્રકરણોની રૂપરેખા (Chapter Outline)
    - પ્રસ્તાવનાઃ
    - પ્રકરણ 1 : દલિત સાહિત્યની વિભાવના : ઉદ્દભવ અને વિકાસ
    - પ્રકરણ 2 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : સામાજિક અધ્યયન
    - પ્રકરણ 3 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : શૈક્ષણિક અધ્યયન
    - પ્રકરણ 4 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : આર્થિક અધ્યયન

- **પ્રકરણ 5 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : મૂલ્યાંકન અને ઉપસંહાર**
- **પરિશિષ્ઠ 1 : પ્રાથમિક આધાર સંદર્ભ ગ્રંથ સૂચિ**
- **પરિશિષ્ઠ 2 : સંદર્ભ ગ્રંથ સૂચિ**

**10. સંશોધનનું મહત્વ અને અપેક્ષિત પરિણામો (Significance and Expected Outcomes):**

**11. સંદર્ભ ગ્રંથસૂચિ (Bibliography)**

# Synopsis

**1. શીર્ષક (Title):**

**"ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રીઃ એક અધ્યયન (સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સંદર્ભે)"**

**"गुजराती-हिन्दी जीवनकथाओं में स्त्री : एक अध्ययन (सामाजिक, शैक्षणिक और आर्थिक संदर्भ में)"**

**2. પ્રસ્તાવના/વિષય પ્રવેશ (Introduction/Background):**

ગુજરાતી અને હિન્દી દલિત સાહિત્ય મરાઠી દલિત સાહિત્ય પછી સર્જાયું. ભારતીય દલિત સાહિત્યનું સાહિત્ય જગતમાં અને વાસ્તવિક જીવનમાં વિશેષ મહત્વ છે. આ પહેલાના સાહિત્યમાં દલિત સંવેદન સાથેનું સાહિત્ય તો હતું પરંતુ દલિત લેખક કે સર્જક દ્વારા હજુ સુધી સાહિત્ય પ્રકાશમાં આવ્યું નહોતું. ડૉ. બાબાસાહેબ આંબેડકર સાહિત્ય અને તેના પ્રભાવ વિશે વિશેષ જાણતા હતાં. એટલે જ તેઓ પોતાના જીવનને જ સાહિત્યથી ઓછું આંકતા નહીં. તેઓ કહેતાં કે મારાં જીવનમાં જે સંઘર્ષ છે એ જ સાહિત્ય છે. એ સાહિત્યથી કમ છે? તેમનાં બાળપણના સ્મરણો બાબતે તેઓએ પોતાની આત્મકથા કે સ્મરણ વૃત્ત લખ્યું હતું. જેમાં બળદગાડીનો પ્રસંગ આલેખન કરે છે. એ પ્રસંગ દ્વારા દલિત સાહિત્યની જીવનકથાઓનો આરંભ માનીએ તો પણ અજુગતું નથી. દલિત સાહિત્ય બાબતે સ્વાનુભવ અને સહાનુભૂતિ બાબતે વિવાદ થતો રહ્યો છે. ભારતીય દલિત સાહિત્યમાં દલિત આત્મકથાઓ કે જીવનકથાઓ બાબતે આ વિવાદ થોડો દલિત સર્જકોને પક્ષે રહે છે. કારણ કે, જાત અનુભવ તેમને બિન-દલિત સર્જકોથી અલગ પાડે છે. જેને હરીશ મંગલમ્ કહે છે કે, 'જેણે જોડો પહેર્યો હોય એને જ કાંકરીનો અનુભવ હોય. સાંભળનાર એ વેદના સંવેદી શકે પરંતુ જાત અનુભવ દ્વારા જ એ વેદનાને જાણી શકે.' આમ, દલિત સાહિત્યમાં દલિત જીવનકથાઓનું એક અલગ અને અલાયદું સ્થાન રહેલું છે.

હિન્દી દલિત સાહિત્યમાં મરાઠી દલિત સાહિત્ય માફક મબલક સાહિત્ય રચાયું છે. હિન્દી અને ગુજરાતી બંને ભાષામાં રચાતા દલિત સાહિત્ય પર ડૉ. આંબેડકર અને મહાત્મા

ફુલેના વિચારોનો પરોક્ષ પ્રભાવ પડ્યો પરંતુ રાજનીતિ અને જાતિ આધારિત ભેદનો પ્રત્યક્ષ અનુભવ તેમને હતો. ગુજરાતી દલિત સાહિત્ય મહારાજા સયાજીરાવ ગાયકવાડની ફરજિયાત શિક્ષણના નિયમને કારણે ભણેલા દલિતો જ્યારે આગળ આવે છે ત્યારે તેઓ આરક્ષણ વિરોધી આંદોલનનો ભોગ બને છે તેમજ તેનો પ્રતિકાર કરે છે. ત્યારે મરાઠી દલિત સાહિત્ય, દલિત પેન્થર આંદોલન અને આંબેડકર-ફુલે વિચારધારા સાથે જોડાય છે.

દલિત સાહિત્ય રચાતા ભારતીય સમાજમાં જાતિ આધારિત સમાજ વ્યવસ્થા સામે આવી અને તેનું વરવું રૂપ પણ. જે વસુધૈવ સંસ્કૃતિમાં માનતું હતું એ જ ભારત વર્ષમાં એક સમાજ સદીઓથી ભારતમાં જ ગુલામીની જિંદગી જીવતો હતો અને આજે પણ જીવવા લાચાર બનતો જોવા મળે છે. એટલે દલિત સમાજની સ્થિતિથી ભારતીય સમાજ અવગત થયો. આ ઉપરાંત દલિત સાહિત્ય પર અન્ય લેખકો પણ કલમ ચલાવવા લાગ્યાં. જેમાં સ્વાનુભવ અને સહાનુભૂતિ પ્રશ્નો ઉપસ્થિત થયાં. પરંતુ દલિત સાહિત્યમાં જેમ પ્રેમચંદની કલમ ચાલી એમ જ ગુજરાતી સાહિત્યમાં દ્વિરેફ દ્વારા ‘ખેમી’ જેવી ઉત્તમ કૃતિ મળી. જ્યારે દલિત સાહિત્યમાં આત્મકથાઓ આવી ત્યારે દલિત સમાજનો સાચો દસ્તાવેજ આપણી સામે આવે છે અને ત્યાં સ્વાનુભૂતિ પ્રથમ આવી. ભારતીય સમાજમાં જેમ દલિત કચડાયેલો વર્ગ છે એ જ રીતે દલિત સમાજમાં રહેલી સ્ત્રી એથી પણ વધુ કચડેલી સ્થિતિમાં જોઈ શકીએ છીએ. એટલે કે, દલિત સ્ત્રી દલિતમાં પણ દલિત કે અતિ દલિત છે. તેઓ જાતિ આધારિત ભેદનો ભોગ તો બને જ છે આ ઉપરાંત પુરુષસત્તાત્મક અને લિંગભેદનો પણ ભોગ બને છે.

ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓ દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, દલિત મહિલાઓ એટલી શિક્ષિત નથી. પરંતુ તેઓ પોતાના સંતાનોને શિક્ષિત બનાવવા માટે તનતોડ મહેનત કરે છે. પરિવારમાં તેઓ સંતાનોને અભ્યાસ કરાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. પોતાના ભોગે પણ તેઓ પોતાના સંતાનોને ભણાવવા માંગે છે. જે આ જીવનકથાઓમાં જોવા મળે છે. તેમની સામે બનતા બનાવોમાં તેઓ અશિક્ષિત હોવા છતાં લડે છે અને જીત મળે કે ન મળે પરંતુ નિર્ધાર કરી આગળ વધે છે. સમાજની વાસ્તવિક પરિસ્થિતિને પણ અભિવ્યક્ત કરી છે. આ જીવનકથાઓ સર્જકોનો અને દલિત સમાજના જીવનનો દસ્તાવેજ બની ઊભરી આવે છે.

ભારતીય જીવન, ભારતીય મૂલ્ય અને ભારતીય સમાજ તેમજ ભારતીય સાહિત્યમાં દલિત જીવનકથાઓનું શું મૂલ્ય છે ? અહીં દલિત સાહિત્ય દ્વારા દલિત સમાજનું જીવન અને સાચી પરિસ્થિતિથી આપણે પરિચિત થઈએ છીએ. સાથે જે સમાજ કે ઉચ્ચ વર્ગ માનવામાં આવે છે, જેઓ ભારતીય સમાજને એક રસ્તો બતાવી શકે એ જ સમાજ દલિત સમાજને વર્ષોથી, સદીઓથી ગુલામ બનાવી રાખે છે. તેમની પાસે વેઠ કરાવે છે અને અમાનવીય વ્યવહાર કરે છે. જે વિદેશમાં ગુલામી પ્રથા હતી તેના કરતાં પણ ભારતીય સમાજની ગુલામી એ વ્યવસ્થાનો ભાગ કહેવાતી. આ વર્ગના હાથમાં કલમ આવવાથી હવે તે પોતાની વાત કહે છે અને પરંપરાથી ચાલી આવતી રીતિ અને ગુલામીનો પ્રતિરોધ કરે છે. માનવીય મૂલ્યોને ફરી જીવંત બનાવવાના પ્રયાસો કરે છે, બુદ્ધના મધ્યમ માર્ગ પર ચાલવાનો પ્રયાસ કરે છે. માનવીય મૂલ્યોને પ્રતિસ્થાપિત કરવા વિદ્રોહ પણ કરે છે. માટે આ જીવનકથાઓ દલિત જીવનના જે પણ પક્ષને રજૂ કરે છે તે પ્રામાણિક રીતે ભારતીય જીવનને પ્રતિબિંબિત કરે છે.

ગુજરાતી અને હિન્દી દલિત સાહિત્યમાં સ્ત્રી-ચિત્રણના અભ્યાસની આવશ્યકતા શું ? દલિત સાહિત્ય પર આજે પણ અભ્યાસો અને સંશોધનો થાય છે. આદિવાસી અસ્મિતા જેમ મહત્વની છે, ભારતીય ભાષાઓ જેમ મહત્વની છે એમ જ દલિત સમાજમાં સ્ત્રીઓનું પણ એક અલગ જીવન અને અસ્તિત્વ છે. એ બાબતે સ્ત્રી-ચિત્રણ જેટલું પણ થયું છે એ હજુ અધૂરું જ છે. કારણ કે, દલિતો જ નહીં પણ ભારત ભરમાં લેખિકાઓ એ પોતાની જીવનકથાઓ બહુ કહી નથી. અથવા પુરુષ સર્જકો કરતાં બહુ જ ઓછી મળે છે. દલિત સાહિત્ય પર સર્જન કરનાર અ-દલિત સર્જક પર જેમ દલિત સાહિત્ય લેખન પર પ્રશ્ન ઉઠે એ જ રીતે પુરુષસત્તાત્મક બાબતમાં દલિત પુરુષ પર પણ પ્રશ્ન ઉઠી શકે. જે સમાજ વર્ષોથી પીડિત છે એ સમાજની અમુક સ્ત્રીઓને અડધું જ અંગ ઢાંકવાનું અને અડધું ખુલ્લું રાખવાની વાતનો ઇતિહાસમાં મળે છે. એ જ રીતે સફાઈકર્મી જો સ્ત્રી હોય તો તે પર પુરુષની નજર હોય અને શોષણનો ક્યારે ભોગ બને એ કહી ન શકાય, તો મજૂર દલિત સ્ત્રી ક્યાંય પણ એકલી હોય કે એકાંતમાં મળે તો તેમનું શારીરિક શોષણની અનેક ઘટનાઓ બનતી હોય છે. જે દલિત સાહિત્યમાં અભિવ્યક્ત થઈ છે.

મહારાષ્ટ્રમાં સર્જાયેલા દલિત સાહિત્યનો પડઘો આ સાહિત્યમાં પડે છે. મરાઠી દલિત સાહિત્ય સાથે અન્ય ભાષાઓના સાહિત્યનું અધ્યયન પણ આવશ્યક છે. માટે ગુજરાતી અને હિન્દી દલિત સાહિત્યનો અભ્યાસ જરૂરી બની રહે છે. એમાં પણ જે જીવનકથાઓ પ્રાપ્ત થાય

છે તેના દ્વારા આપણને હિન્દી પ્રદેશ અને ગુજરાતી પ્રદેશની ભાષાની વિશેષતા પણ સામે આવે છે. સાંસ્કૃતિક બાબતોની સમાનતા પણ આપણું ધ્યાન ખેંચે છે.

ગુજરાતી અને હિન્દી જીવનકથાઓમાં સ્ત્રી એક અધ્યયન શોધ વિષય પર આપણે દલિત સ્ત્રીના જીવન અને સંઘર્ષને ધ્યાનમાં રાખી તેની સ્થિતિ અને ગતિ વિશે વાત કરતાં પ્રસ્તુત જીવનકથાઓમાં આવતી સ્ત્રીઓ દ્વારા આપણે તેના સામાજિક પક્ષ, શૈક્ષણિક પક્ષ અને આર્થિક પક્ષ પરિપ્રેક્ષ્યમાં અહીં અભ્યાસ કર્યો છે. જેમાં દલિત સ્ત્રીની સામાજિક સ્થિતિ શું છે અથવા શું હતી તે પર પ્રકાશ પડ્યો છે. ગુજરાતી દલિત જીવનકથાઓ દ્વારા સ્ત્રીઓ અશિક્ષિત હોવા છતાં તેઓ ઘરની આર્થિક સ્થિતિમાં ભાગીદાર બને છે. તે શ્રમ કરે છે. ખેતર, સીમમાં જાય છે. મજૂર બને છે તેમજ ઘર ઘરમાં જઈને સફાઇ પણ કરે છે. ઘરમાં રહેલી ભાઈની બહેનો પોતાનો અભ્યાસ છોડી ભાઈને ભણાવવા માટે પોતે કામ કરવા લાગે છે. તો સમાજમાં જેમ માન્યતા છે તેમ, તેમને તો ઘર જ સંભાળવાનું છે તો તેમને રસોઈ બનાવતા શીખવો. જેથી તે બીજાનું ઘર સાચવી શકે. જેવી માનસિકતા અહીં પણ જોવા મળે છે. આમ છતાં, સમાજમાં વિધવા વિવાહ પણ માન્ય છે અને સ્વતંત્ર રહેનારી સ્ત્રી પણ માન્ય છે. એ રીતે અમુક સારી બાબતો પણ સમાજમાં રહેલી છે.

તુલસીરામની દાદી જે અભણ છે પરંતુ તુલસી રામ પ્રત્યે તેનો સ્નેહ અપાર છે. તેઓ ઈચ્છે છે કે તુલસીરામ ખૂબ ભણે. આ બધી જીવનકથાઓમાં દરેક સંતાન આગળ વધી કોઈક પદ પર રહે એવું તેઓ હમેશાં ઈચ્છે છે. 'પૂર્ણસત્ય'ના લેખકની માતાને પણ એ જ રીતે કામ કરતી અને બાળકને ભણાવતી માતા જોઈ શકીએ છીએ. હિન્દી દલિત જીવનકથાઓમાં 'શિકંજે કા દર્દ' માં સુશીલા ટાકભૌરે પોતાના સામાજિક કાર્યકર પતિનું સત્ય ઉજાગર કરે છે. જેમાં તેઓ લગ્ન પછી તેમને ઘરના હિસાબ માટે અને વપરાશના પૈસા માટે લાચાર બનવું પડે છે. તેમની પ્રસૂતિમાં તેમનો પતિ તેમની સાથે નથી. તેમને તે અસુંદર કહે છે. પતિ તેમના પર આવેલા પત્રો જુએ છે અને તેના જવાબો પણ ખુદ લખાવે છે. આ રીતે તેઓ પોતાના જીવનમાં જે આદર્શ કહી શકાય એવા પતિની નરી અને ન સહી શકાય એવી આપવીતી કહે છે.

આમ, ગુજરાતી અને હિન્દી જીવનકથાઓમાં આપણાં અભ્યાસના મુખ્ય મુદ્દાઓ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીની સ્થિતિ અને ગતિનું અધ્યયન કર્યું છે. જેના દ્વારા આપણને એ પણ જાણવા મળે છે કે, દલિત સમાજમાં રહેલી સ્ત્રી એક નહીં બે નહીં પણ

ત્રણ કે ચાર પ્રકારના શોષણનો ભોગ બને છે. તે દલીતમાં પણ દલિત કે અતિ દલિત છે. માટે આ અભ્યાસ આજે પ્રાસંગિક છે અને આવા અભ્યાસ થવા જોઈએ જેથી માનવ સમાજને એક દિશા મળે તેમજ એક પક્ષ ઉજાગર થાય.

**3. સંબંધિત સાહિત્યની સમીક્ષા (Review of Literature):**

ગુજરાતી અને હિન્દી દલિત સાહિત્ય પર ઘણું કામ થયું છે. સ્વરૂપગત, સૈદ્ધાંતિક અને લેખક સંબંધિત શોધ કાર્ય પણ થયું છે. પ્રસ્તુત શોધ વિષય અંતર્ગત પણ આપણને સાહિત્ય અને સૈદ્ધાંતિક કાર્ય થયેલું જોવા મળે છે. જેમ કે,

- ભારતીય દલિત આત્મકથા, કાંતિ માલસતર, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2019
- ગુજરાતી દલિત સાહિત્ય, ડૉ. ભીખુ વેગડા, ધોળકા : પ્રત્યાયન સાહિત્ય વર્તુળ, 2012
- ગુજરાતી દલિત લેખિકાઓ : સાહિત્ય અને સમીક્ષા, સંપા. ડૉ. સુનીલ જાદવ, રાજકોટ ; પ્રવીણ પ્રકાશન, 2011
- *વિશ્વ વ્યાપવાની આકાંક્ષાએ ઊભેલી ..ભારતીય દલિત નારી લેખન*, હયાતી (વિશેષાંક), અતિથિ સંપા. ફારૂક શાહ, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, માર્ચ, 2012
- हिन्दी दलित आत्मकथाओं में बचपन, डॉ. राजेन्द्र बड़गुजर, नई दिल्ली : गौतम बुक सेंटर, 2013
- दलित साहित्य का स्त्रीवादी स्वर, विमल थोरात, नई दिल्ली : अनामिका, 2008
- समकालीन नारीवाद और दलित स्त्री का प्रतिरोध, अनिता भारती, नई दिल्ली : स्वराज प्रकाशन, 2013
- बहुजन महानायिकाएँ (सवित्रीबाई फुले से गौरी लंकेश), प्रदीप कुमार, नई दिल्ली, सिद्धार्थ बुक्स, 2018

- हिन्दी दलित आत्मकथाएं : एक मूल्यांकन, पुनीता जैन, नई दिल्ली, सामयिक बुक्स, 2017

વગેરે દલિત સાહિત્ય પર સ્ત્રી પક્ષ પર વિવેચન ગ્રંથો મળે છે. આ સંદર્ભ ગ્રંથોનો આ શોધ વિષયમાં આધાર લેવામાં આવ્યો છે. ગુજરાતી અને હિન્દી ભાષામાં સર્જાયેલા દલિત સાહિત્ય અંતર્ગત દલિત સ્ત્રીનું આલેખન કેટલાં પ્રમાણમાં થયું છે અને તેમનું દલિત સાહિત્યમાં શું મહત્વ છે એ અંતર્ગત આપણે અહીં આલેખન કર્યું છે. એ રીતે ઉપર્યુક્ત વિવેચનથી આ શોધ અલગ છે અને અહીં દલિત સ્ત્રી કેન્દ્ર સ્થાને છે. તેમજ દલિત સમાજ અને દલિત સ્ત્રી પ્રત્યે અન્ય સમાજની સ્ત્રી કેવી રીતે જુએ છે અને શું વિચારે અથવા માને છે તે પણ પરોક્ષ રૂપે અધ્યયનમાં આવી જાય છે. જેથી અન્ય સમાજની મહિલાઓમાં દલિત અને દલિત સ્ત્રી પ્રત્યેની માનસિકતાનું આલેખન થતાં, દલિત સમાજ અને તેમાં પણ દલિત સ્ત્રીનો સંઘર્ષ માત્ર પુરુષ વર્ગ સામે જ નહીં પણ ઉચ્ચ સવર્ણ સમાજની સ્ત્રી સાથે પણ છે તો નિમ્ન વર્ગમાં આવતી સ્ત્રીઓની માનસિકતામાં પણ સામાજિક રીતે દલિત સ્ત્રી દલિત હોવાને કારણે હીનતા બોધનો ભોગ બનતી હોય છે. પુરુષ જ્યાં બાહ્ય વ્યવહારમાં સૂક્ષ્મ બાબતોને જોયું ન જોયું કરી દે ત્યાં દલિત સ્ત્રી આવી અનેક વાતો કે નકારાત્મકતાને કારણે માનસિક રીતે સંઘર્ષ કરતી જોવા મળે છે. જે કાર્ય અન્ય સ્ત્રીઓ સવર્ણ સમાજમાં જઈને કરી શકે છે એ જ કાર્ય માટે પહેલાં તો તેમને અસ્પૃશ્યતાને કારણે ના કહી દે છે ને જો હા પણ હોય તો એનું કાર્ય મજૂર તરીકેનું ઓછી મજૂરી સાથેનું હોય છે. આમ, અહીં પ્રસ્તુત દલિત સ્ત્રી અશિક્ષિત હોવાથી સામાજિક, આર્થિક રીતે શોષણનો ભોગ બને છે, અસ્પૃશ્યતા અને લિંગભેદનો ભોગ પણ બને છે.

ઉપર્યુક્ત અભ્યાસોમાં દલિત સાહિત્યનું આલેખન કરવામાં આવ્યું છે. પરંતુ સંશોધન-રિક્તતા (Research Gap) આ શોધ અધ્યયન દ્વારા પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે. દલિત લેખન અન્ય સાહિત્યથી જેમ વિશેષ અને મૂલ્યવાન છે એમ દલિત જીવનકથાઓમાં પ્રસ્તુત સ્ત્રી જીવનનું આલેખન પણ એટલું જ મૂલ્યવાન છે. દલિત સાહિત્યમાં હજુ દલિત લેખિકાની જરૂર છે જેથી આવનારા ભવિષ્યમાં તેમની સ્થિતિ અને ગતિ વધુ સ્પષ્ટ થાય અને તે માનવ સમાજમાં પોતાનું વિશેષ યોગદાન આપી શકે.

**4. સંશોધન સમસ્યા (Research Problem):**

દલિત સ્ત્રીઓ જાતિ અને લિંગ બંને સ્તરે શોષણ અને સંઘર્ષનો સામનો કરે છે. ગુજરાતી અને હિન્દી જેવી ભિન્ન ભાષાકીય અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિ ધરાવતી દલિત જીવનકથાઓમાં સંઘર્ષ અને સ્થિતિનું નિરૂપણ થયેલું છે. ઉપર જોયું તેમ દલિત મહિલાઓની અનેક સમસ્યાઓ આપણી સામે આવે છે. જેમાં પ્રથમ પરિવાર, જેમાં તેનું સ્થાન વિશેષ હોવા છતાં બીજું સ્થાન ગણવામાં આવે છે. પરંતુ આપણે ઉપર ચર્ચા કરી તેમ અધ્યયન દ્વારા આપણે એ કહી શકીએ છીએ કે, દલિત મહિલા અન્ય મહિલાની તુલનાએ વધુ સંઘર્ષ કરે છે. તેનો સંઘર્ષ માત્ર સ્ત્રી હોવાને કારણે નથી પરંતુ દલિત સ્ત્રી હોવાને કારણે બેવડાય છે.

અહીં દલિત સ્ત્રીનું અધ્યયન કરતાં અમુક સમસ્યાઓ આવી છે જે બાબતે પણ ટૂંકમાં ચર્ચા કરી શકીએ. દલિત સ્ત્રી જન્મે ત્યારથી તેનો ઉછેર પુરુષ કરતાં અસમાન રીતે કરવામાં આવે છે. ભારતીય સમાજમાં જેમ સ્ત્રી બીજા ઘેર જશે, બીજો પરિવાર બનાવશે એમ જ દલિત સમાજમાં પણ એ જ માન્યતા માનવામાં આવે છે કે, સ્ત્રી બીજા ઘેર કે પરિવારમાં જશે એટલે તેમને શિક્ષણ કરતાં રસોઈ અને અન્ય કામ આવડવા જોઈએ. ઘરની જવાબદારી જો સ્ત્રી પર આવી જાય તો પણ દલિત સ્ત્રી એકલે હાથે બધુ જ કરે છે. જે દલિત મહિલાની વિશેષતા છે પરંતુ તેમ કરવા છતાં તેનું સ્થાન ઉચ્ચ આવે કે તેમને મળે છે ?

ભારતીય સમાજમાં દલિત સમાજમાં જન્મેલી યુવતી કે કન્યા મોટી થતાં તેમની પર અનેક પુરુષ સમાજની નજર પડે છે. સ્ત્રી શ્રમની ભાગીદાર છે. તે અન્ય સમાજની સ્ત્રીની જેમ માત્ર ઘર જ નથી સાંભળતી પરંતુ સીમ કે ખેતરો, જંગલોમાં જવા કે મજૂરી કરવા માટે તેઓ તત્પર હોય છે. પરંતુ તેમની મજૂરી પુરુષ કરતાં ઓછી હોય છે અને કામ વધુ. જેમાં વેઠ પણ આવી જાય છે. પુરુષ વર્ગ જ્યારે દારુ કે જુગારની લતમાં પડી જાય છે ત્યારે તે સ્ત્રી આખા ઘરનું ગુજરાન ચલાવે છે. પરંતુ સમાજમાં જવાબદારીનો દરજ્જો માત્ર પુરુષને જ મળે છે. કામગાર દલિત સ્ત્રીને બળાત્કાર અને શારીરિક શોષણનો હમેશાં ભય રહેલો હોય એ અહીં જોઈ શકાય છે. અન્ય સમાજ અસ્પૃશ્ય મનાતી દલિત સ્ત્રીને આસાન શિકાર સમજે છે. જો તેઓ પ્રતિકાર કરે તો સામાજિક બહિષ્કાર કરી તેઓને ગામ છોડવા પર મજબૂર કરે છે. એ રીતે દલિત પુરુષ કરતાં દલિત સ્ત્રીનું જીવન વધુ કઠોર બની રહે છે. દલિત સ્ત્રી હોવાથી શૈક્ષણિક અવસરો પણ તેમને પ્રાપ્ત થતાં નથી. પરિવારની જવાબદારીને પ્રથમ સ્થાન પર રાખતા

તેઓ ભાઈ માટે કે પિતા માટે કે પરિવાર માટે અભ્યાસ છોડી દે છે. તેઓ શિક્ષણનું મહત્વ જાણે છે એટલે પોતાના સંતાનોને અભ્યાસ માટે પ્રેરિત પણ કરે છે અને તેમના માટે સમાજની સામે લડી પણ જાણે છે.

અહીં, પ્રસ્તુત સંશોધનમાં દલિત સ્ત્રીની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને લિંગ ભેદ જેવી અનેક સમસ્યાઓ પર ચર્ચા કરી છે. આ સમસ્યાઓ સંદર્ભે આશા સેવી છે કે, દલિત સ્ત્રી આગળ વધે અને માનવીય મૂલ્યોને પ્રતિસ્થાપિત કરવા આગળ આવે.

**5. સંશોધનના ઉદ્દેશ્યો/હેતુઓ (Objectives of the Research):**

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં નિરૂપિત સ્ત્રી પાત્રોની સામાજિક સ્થિતિને લક્ષમાં રાખી અધ્યયન કરવામાં આવ્યું. જેમાં તેમના પ્રત્યે કુટુંબ, સમાજ, જ્ઞાતિમાં સ્થાન અને તેમની સાથેનો ભેદભાવ અને સંઘર્ષ પર વિશેષ વાત કરવામાં આવી છે. જે બાબતે આ શોધનો ઉદ્દેશ સિદ્ધ થયો છે. જેમાં તેમની વાસ્તવિક સ્થિતિનું આલેખન કરવામાં આવ્યું છે ને એ અહીં બતાવવામાં આવ્યું છે.

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં નિરૂપિત સ્ત્રી પાત્રોની આર્થિક સ્થિતિ પર વાત કરવામાં આવી છે. જેમાં દલિત સ્ત્રી પુરુષ સમાન કામ કરે છે પરંતુ વેતન તેમનાથી અડધું માંડ મળે છે. જે લિંગ ભેદ પણ દર્શાવે છે. જે બાબતને અહીં ઇંગિત કરી છે. શોધ અધ્યયન દ્વારા દલિત સ્ત્રી પરિવારમાં વિશેષ સ્થાન ધરાવે છે. તે માત્ર ઘર જ નહીં પણ વ્યવહાર પણ સંભાળે છે. જે દલિત સ્ત્રીને ન્યાય અપાવવાના ઉદ્દેશ્ય બાબતે અહીં આલેખન કરવામાં આવ્યું છે.

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં નિરૂપિત સ્ત્રી પાત્રોની શૈક્ષણિક બાબતે સ્થિતિ અને ગતિને દર્શાવવાનો ઉદ્દેશ્ય રહેલો હતો. જે સિદ્ધ થયો છે. જેમાં દલિત મહિલા ઘર અને પરિવાર સંભાળતા આર્થિક રીતે ઘર-પરિવાર માટે એક આધાર પણ બને છે. પરંતુ લિંગ ભેદને કારણે તે દલિત સમાજની અંદર જ શોષણનો ભોગ બને છે. ઘર-પરિવારમાં શિક્ષણ બાબતે સ્ત્રીને બીજા સ્થાને રાખવામાં આવે છે. જેમ કે, જ્યાં રોટી, જળ અને રહેવાની જ સમસ્યા હોય ત્યાં તે શિક્ષણ બાબતે કેટલું વિચારી શકે ? સાથે લિંગભેદને કારણે વ્યવહાર

જગતમાં જવામાં તેમનું રક્ષણ કોણ કરી શકે? એટલે આર્થિક રીતે અન્ય મહિલા મજૂર બને છે તો અહીં દર્શાવેલી મહિલા પાસે પણ વિશેષ અવસર મળી શકતા નથી.

આ શોધ દ્વારા આપણે એ જાણી શકીએ છીએ કે, શિક્ષણ કેટલું મહત્વનું છે. અહીં દરેક સ્ત્રી જે મા છે, દાદી છે, નાની છે, બહેન છે તેઓ પોતાના પુત્ર, ભાઈ, બહેન કે પુત્રીને ભણાવવા માટે અથાક મહેનત કરી બતાવે છે. જેમ કે, *મુર્દહિયા, દોહરા અભિશાપ, પૂર્ણસત્ય, ગોખરું* વગેરે જીવનકથાઓમાં આલેખન થયું છે. જેને દર્શાવવાનો આપણો ઉદ્દેશ્ય પણ સફળ રહ્યો છે.

ગુજરાતી દલિત સાહિત્યમાં દલિત લેખિકાઓ દ્વારા જીવનકથાઓ પ્રાપ્ત થતી નથી તો એ સંદર્ભે દલિત સ્ત્રી હિન્દી દલિત સાહિત્ય લેખનમાં પોતાનું યોગદાન આપે છે તો સ્વાભાવિક જ બંનેની સહજ તુલના દ્વારા ગુજરાતી દલિત લેખનમાં સ્ત્રી કલમની જરૂર છે એ દર્શાવવાનો ઉદ્દેશ્ય પણ અહીં રહેલો છે.

### 6. સંશોધન પ્રશ્નો (Research Questions):

* ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં દલિત સ્ત્રીઓનું સામાજિક ચિત્રણ કઈ રીતે કરવામાં આવ્યું છે? તેમાં શું તફાવત છે?

* આ કથાઓમાં દલિત સ્ત્રીઓ માટે શૈક્ષણિક તકો અને પડકારો કયા સ્વરૂપે રજૂ થયા છે? બંને ભાષાઓની કથાઓમાં આ સંદર્ભે શું ભિન્નતા જોવા મળે છે?

* દલિત સ્ત્રીઓની આર્થિક સ્થિતિ અને કાર્યક્ષેત્રે તેમની ભાગીદારીનું નિરૂપણ કેવું છે? ગુજરાતી અને હિન્દી સંદર્ભોમાં તે કઈ રીતે અલગ પડે છે?

* શું આ જીવનકથાઓમાં દલિત સ્ત્રીઓના પ્રતિરોધ અને સ્વ-કર્તૃત્વના સમાન કે વિભિન્ન સ્વરૂપો જોવા મળે છે?

* પુરુષ લેખકો અને સ્ત્રી લેખિકાઓ દ્વારા લખાયેલી જીવનકથાઓમાં સ્ત્રી-ચિત્રણમાં કોઈ ભેદ જોવા મળે છે?

આ ઉપરાંત પણ ઘણા પ્રશ્નો છે જે સંદર્ભે આ સંશોધન કાર્ય મહત્વનું બની રહે છે.

### 7. સંશોધનનું ક્ષેત્ર અને મર્યાદાઓ (Scope and Limitations):

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં નિરૂપિત સ્ત્રી જેમનું સમાજમાં, આર્થિક રીતે અને શૈક્ષણિક રીતે સ્થાન પર અધ્યયન કરવાનો ઉપક્રમ સેવ્યો હતો. જે મુજબ અહીં જે

પણ જીવનકથાઓ ઉપલબ્ધ હતી તેમાં પણ જેમાં સ્ત્રી આલેખન વિશેષ થયું હોય કે સ્ત્રીનો પ્રભાવ જોવા મળ્યો હોય એવી જીવનકથાઓને પ્રસ્તુત અભ્યાસમાં સમાવવામાં આવી છે. જેમાં પ્રાથમિક સૂચિ જોઈએ તો :

**ગુજરાતી પ્રાથમિક આધાર સંદર્ભ સૂચિ :**

1. *ગોખરુ* (ભાગ 1), પ્રો. ડૉ. મનુભાઈ એચ. મકવાણા, વડોદરા : સુરભી અને વંશ પ્રકાશન, 2021
2. *થોરનું ફૂલ* (ભાગ 1), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, પ્ર. આ. 2007, પુનઃ મુ. 2015. મૂ. 125.
3. *થોરનું ફૂલ* (ભાગ 2), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, 2010.
4. *થોરનું ફૂલ* (ભાગ 3), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, 2012, કિં. 250.
5. *થોરનું ફૂલ* (ભાગ 4), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, 2014, કિં. 350.
6. *પૂર્ણસત્ય*, બી. કેશરશિવમ્, અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, 2002.
7. *બજતા જાયે એકતારા (અર્ધસત્ય)*, વિઠ્ઠલ 'રાય', મુંબઈ : નવભારત સાહિત્ય મંદિર, 2009, રૂ. 275.
8. *વડફળિયું*, મણિલાલ રાનવેરિયા, અમદાવાદ : દલિત સાહિત્ય અકાદમી, 2015

**હિન્દી પ્રાથમિક આધાર સંદર્ભ સૂચિ :**

1. *अपनी जमीन अपना आसमां*, रजनी तिलक, दिल्ली : ईशा ज्ञानदीप, 2017, मु. 350.
2. *अपने अपने पिंजरे भाग 1*, मोहनदास नैमिशराय, वाणी प्रकाशन, नई दिल्ली, प्र. सं. 1995, आ. 2018.

3. *अपने अपने पिंजरे भाग 2*, मोहनदास नैमिशराय, वाणी प्रकाशन, नई दिल्ली, प्र. सं. 1995, आ. 2018.
4. *छूटे पन्नों की उड़ान*, अनीता भारती, नयी दिल्ली : स्वराज प्रकाशन, 2018, मु. 150.
5. *जूठन*, ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण प्रकाशन, नई दिल्ली, छठा संस्करण, 2012
6. *जूठन* (दूसरा खंड), ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण प्रकाशन, नई दिल्ली, प. सं. 2015, छठा संस्करण, 2019.
7. *टुकड़ा-टुकड़ा जीवन*, कावेरी, दिल्ली : ईशा ज्ञानदीप, २०१७, मु. 395.
8. *दोहरा अभिशाप*, कौशल्या बैसंत्री, परमेश्वर प्रकाशन, नई दिल्ली, 2009
9. *मणिकर्णिका*, डॉ. तुलसीराम, राजकमल प्रकाशन, नई दिल्ली, प. सं. 2014, प. आ. 2015. मू. 150
10. *मुर्दहिया*, डॉ. तुलसीराम, राजकमल प्रकाशन, नई दिल्ली, 2010. मू. 200.
11. *शिकंजे का दर्द*, सुशीला टाकभौरे, वाणी प्रकाशन, नई दिल्ली, 2011

ઉપર્યુક્ત આધાર સંદર્ભ સૂચિ અંતર્ગત આ શોધ વિષય પર કાર્ય કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતીની નવ અને હિંદીની અગિયાર જેટલી જીવનકથાઓની કથા અને સંદર્ભ તપાસવામાં આવ્યા છે. આ જીવનકથાઓ સંદર્ભે જીવનકથાઓમાં દલિત સ્ત્રી જીવનને કેન્દ્રમાં રાખી તેનું સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેના આધારે સમાજમાં દલિત સ્ત્રીનું શું મહત્વ છે અને અન્ય સમાજમાં પણ તેનું શું સ્થાન છે તે આપણે જાણી શકીએ છીએ.

પ્રસ્તુત શોધ ઉપર દર્શાવેલી જીવનકથાઓ ઉપરાંત અમુક સ્મરણો જેનો પણ સંદર્ભ લેવામાં આવ્યો છે. દલિત સ્ત્રીનો સંઘર્ષ અને એ સંઘર્ષને આધારે જ તેમનું મૂલ્ય આપણે આ જીવનકથાઓમાં જાણી શકીએ છીએ. આ ઉપરાંત બીજી અન્ય જીવનકથાઓ ઉપલબ્ધ હોય શકે છે. પરંતુ શોધનો વિસ્તાર કે પુનરાવર્તન શક્ય બને જેના કારણે એ બાબતને ટાળવાનો પ્રયાસ કર્યો છે. જે શોધ વિષયને ન્યાય મળે એ સંદર્ભે પ્રસ્તુત જીવનકથાઓ સંદર્ભે કાર્ય કરવાનો ઉપક્રમ રાખ્યો હતો.

**8. સંશોધન પદ્ધતિ (Research Methodology):**

પ્રસ્તુત શોધ સાહિત્યિક શોધ છે. તેમજ વિશ્લેષણાત્મક શોધ છે. બે ભાષાનું સાહિત્ય હોવાથી સહજ જ તુલના થઈ જવા પામે એટલે તુલનાત્મક અધ્યયન પણ છે. આ શોધ અધ્યયનનો અભિગમ ગુણાત્મક (Qualitative), સામાજિક (Socially), આર્થિક (Economically), શૈક્ષણિક (educationally) સાથે તુલનાત્મક (Comparative) અને વિશ્લેષણાત્મક (Analytical) અભિગમ અપનાવવામાં આવ્યો છે. દલિત અને નારીવાદી દષ્ટિકોણથી પણ વિશ્લેષણ કરવામાં કરવામાં આવ્યું છે.

આ સંશોધનમાં અંતરાનુશાસન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી તેમાં વિવિધ પદ્ધતિઓનો સહજ વિનિયોગ થઈ શકે. બે ભાષામાં લખાયેલાં આ સાહિત્યને જોતાં અંતે તો તે અંતરાનુશાસનનો ઉપયોગ થકી માનવ સમાજની ઉત્તમતાનો અને ઉદાતતાનું ઉદાહરણ બની રહે છે. દરેક શોધ માનવની ઊર્ધ્વગામીતાનું જ લક્ષ્ય રાખી કરવામાં આવે છે. આ શોધ પણ માનવ જીવનને વધુ ઉદાત અને ઊર્ધ્વ બનાવવા માટેનો જ એક પ્રયાસ છે.

**9. પ્રકરણોની રૂપરેખા (Chapter Outline):**

અહીં શોધ વિષયને પાંચ પ્રકરણોમાં વિભાજિત કરી વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જે નીચે મુજબ છે –

**પ્રસ્તાવના:**

પ્રસ્તાવના દ્વારા ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : એક અધ્યયન સંદર્ભે પ્રાસ્તાવિક ભૂમિકા બાંધી આપવામાં આવી છે. સંશોધન વિષય સંદર્ભે આગળ પ્રકરણોમાં વિભાવના અને કૃતિ લક્ષી વિવેચન તેમજ વિશ્લેષણ કરવામાં આવશે. જેની ભૂમિકા પ્રસ્તાવનમાં કરવામાં આવી છે.

**પ્રકરણ 1 : દલિત સાહિત્યની વિભાવના : ઉદ્દભવ અને વિકાસ:**

પ્રસ્તુત પ્રકરણમાં દલિત સાહિત્યનો અર્થ, સંજ્ઞા, વિભાવના સ્પષ્ટ કરવામાં આવી છે. આ પ્રકરણમાં દલિત સાહિત્યની વિસ્તૃત વિભાવના આપી તેની સ્વરૂપગત વિશેષતાઓ અને તેમના ઉદ્દભવના કારણો અંગે ચર્ચા કરી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને અન્ય મહામાનવો

એ પોતાનું યોગદાન આપ્યું છે તેમના કર્યો અને તેમનો સાહિત્યમાં પ્રભાવ બાબતે પણ ચર્ચા કરી છે.

દલિત સાહિત્યની વિભાવના સ્પષ્ટ કરી, દલિત સાહિત્યનો ઉદ્દભવ અને તેના વિકાસ વિશે ચર્ચા કરવામાં આવી છે. જેમાં કવિતા, વાર્તા, નવલકથા તેમજ જીવનકથાઓ પર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જે આગળના પ્રકરણની પૃષ્ઠભૂમિ તૈયાર કરી આપે છે.

**પ્રકરણ 2 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : સામાજિક અધ્યયનઃ**

ભારતીય સાહિત્યમાંથી દલિત સાહિત્ય સ્વાનુભવ અને સહાનુભૂતિ પ્રશ્નમાંથી બહાર નીકળી પોતાની જીવનકથાઓ કે આત્મકથાઓને આધારે એક વિશેષ સ્થાન નિર્મિત કરે છે. આ પ્રકરણમાં ચયનીત ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી જીવન વિશે વાત કરવામાં આવી છે. પ્રસ્તુત જીવનકથાઓને આધારે દલિત અને બિન-દલિત સમાજમાં દલિત સ્ત્રીનું સ્થાન શું છે તે સામાજિક અધ્યયન દ્વારા આપણે અહીં જોયું છે. જેના કારણે આપણે જાણી શકીએ છીએ કે, દલિત સાહિત્યની પ્રસ્તુત જીવનકથાઓ ભલે ઓછી હોય પરંતુ તે જીવનકથાઓ સમાજનો એક દસ્તાવેજ છે. દલિત સમાજમાં સ્ત્રીનું સ્થાન સામાન્ય સ્ત્રી માફક જ પુરુસત્તાત્મકતાનો ભોગ બનતી હોય છે. બાહ્ય રીતે બિન-દલિત સમાજમાં તે લિંગભેદ સાથે શારીરિક શોષણનો પણ ભોગ બનતી જોવા મળે છે. અસ્પૃશ્યતા તો ખરી જ. અંધશ્રદ્ધા અને રીતિ-રિવાજોને કારણે તેમનું જીવન સંઘર્ષોમાં પસાર થાય છે. આમ છતાં તેઓ લડે છે, જીવે છે અને સંઘર્ષ કરે છે.

**પ્રકરણ 3 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : શૈક્ષણિક અધ્યયન**

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રીનું આલેખન કરવામાં આવ્યું છે. આ જીવનકથાઓમાં શૈક્ષણિક રીતે સ્ત્રીની સ્થિતિ શું છે ? અધ્યયન કરતાં જણાય છે કે, દલિત જીવનકથાઓ જેનો અહીં અભ્યાસ ઉપલબ્ધ છે. એમાં શૈક્ષણિક રીતે દરેક દલિત મહિલા વંચિત છે. હિંદીની અને ગુજરાતીની નવી જીવનકથાઓ કે આત્મકથાઓ આપણી સામે આવે છે એમાં શિક્ષણ મેળવતી અને મેળવેલી સ્ત્રી જોવા મળે છે. શૈક્ષણિક રીતે વંચિત હોવા છતાં તે દરેક સ્ત્રી શિક્ષણનું મહત્વ શું છે તે જાણે છે. એટલે શિક્ષણ પોતાના સંતાનોને કોઈપણ ભોગે આપે છે. જેના કારણે તેમના સંતાનોની સ્થિતિ સારી જોવા મળે છે. હિન્દી દલિત સાહિત્યમાં તો દલિત લેખિકાઓ એ જ પોતાની જીવનકથા આપી છે. જેને કારણે શિક્ષણ મેળવેલી એક સ્ત્રી

પેઢી પણ આપણી સમક્ષ આવે છે અને શિક્ષણ મેળવતાં, સામાજિક કાર્ય કરતાં તેઓને દલિતમાં પણ દલિત હોવાનો અનુભવ જોઈ શકાય છે. જાતીય શોષણ, શારીરિક શોષણ, સામાજિક આભડછેટ, શિક્ષણમાં સંઘર્ષ વગેરે બાબતો આપણે જોઈ શકીએ છીએ. આમ, આપણે એમ કહી શકીએ છીએ કે, શિક્ષણ ક્ષેત્રમાં પણ દલિત મહિલા ઉપેક્ષિત છે. ને જો એ ક્ષેત્રમાં જાય છે તો ત્યાંનો અલગ જ સંઘર્ષ તેમને કરવો પડતો હોય છે.

**પ્રકરણ 4 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : આર્થિક અધ્યયન**

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રીનું આલેખન કરતાં તેમની આર્થિક સ્થિતિ પર પણ વાત કરવામાં આવી છે. માત્ર સામાજિક સંઘર્ષ જ તેઓ નથી કરતી પરંતુ આર્થિક રીતે પણ સંઘર્ષ કરે છે. દલિત સ્ત્રી પરિવારને કમાયને આપે છે. એટલે તે શ્રમની ભાગીદાર બને છે. સંતાનોને ભણાવવા માટે લડે છે. કાકા કે પતિની દારૂની લતને કારણે ઘર ને પતિ છોડે છે. આર્થિક રીતે કમાતી સ્ત્રી વેતનમાં પુરુષ જેટલું જ કામ કરવા છતાં તેમને વેતન ઓછું મળે છે. આમ દરેક ક્ષેત્રમાં તે સંઘર્ષ કરતી અને વિપરીત પરિસ્થિતિમાં આગળ વધતી જોવા મળે છે.

**પ્રકરણ 5 : ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : મૂલ્યાંકન અને ઉપસંહાર**

ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી એક અધ્યયન વિષય પર કાર્ય કરતાં આ પ્રકરણમાં તેમનું મૂલ્યાંકન, વિશ્લેષણ, તુલનાત્મક અધ્યયન સાથે નિષ્કર્ષની ચર્ચા કરવામાં આવી છે. એ પછી ઉપસંહાર દ્વારા વર્તમાનમાં પ્રાસંગિકતા અને ભવિષ્યમાં આ શોધનું મૂલ્ય અને સંશોધન વિષય સંદર્ભે સંભાવનાઓ પ્રસ્તુત કરવામાં આવી છે.

આ શોધનો નિષ્કર્ષ ગુજરાતી અને હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રીનું અધ્યયન કરતાં ભારતીય સમાજમાં દલિત સ્ત્રીનું જીવન સંઘર્ષમય છે. દલિત સ્ત્રી ભારતીય સમાજમાં દલિત હોવાને નાતે અસ્પૃશ્યતાનો ભોગ બને છે તો સાથે એકાંતમાં કે અગોચર જગ્યામાં તે શારીરિક શોષણનો ભોગ બને છે. દલિત સ્ત્રી દલિત સમાજમાં પણ શ્રમની ભાગીદાર હોવા છતાં પુરુષવાદી માનસિક્તાનો ભોગ બનતી જોવા મળે છે. આર્થિક રીતે તે શ્રમની ભાગીદાર છે. જેટલું પુરુષ કામ કરે છે અથવા પુરુષ કરતાં પણ વધુ કામ કરે છે આમ છતાં તેમને જે વેતન આપવનમાં આવે છે તે પુરુષને આપતા વેતન કરતાં ઓછું હોય છે. દલિત સ્ત્રી પ્રત્યે અન્ય

સમાજની સ્ત્રી પણ તેમની સાથે દલિત અસ્પૃશ્ય સમાન જ વ્યવહાર કરવામાં આવે છ. જે બાબત શિક્ષણનો અભાવ દર્શાવે છે. જેમ કે, દલિત સમાજમાં સ્ત્રી જેમ શ્રમની ભાગીદાર બની છે એ જ રીતે તે અમુક નિર્ણય કરવામાં સ્વતંત્ર પણ હોય છે. એટલે જ્યારે સંઘર્ષનો કે શોષણનો પ્રતિકાર કરવા માંગે છે ત્યારે તે દલિત સમાજમાં હોવાને કારણે તે વિદ્રોહ કે વિરોશ કરી શકે છે. જેના કારણે તે પોતાનું જીવન સ્વતંત્ર રીતે પણ જીવી શકે છે. એ રીતે સકારાત્મક બાબત પણ જોવા મળે છે. આમ નિષ્કર્ષ કરતાં એ જાણવા મળે છે કે, દલિત સ્ત્રી તિહરા કે ત્રીજા શોષણનો ભોગ બનતી જોઈ શકાય છે. પરંતુ તેમનો સંઘર્ષ તેમને હમેશાં આગળ વધવાની પ્રેરણા આપતો રહે છે. જે દલિત જીવન કથાઓમાં આવતી હવે સ્ત્રી કલમ દ્વારા આપણે જાણી શકીએ છીએ.

ઉપસંહારમાં દલિત સાહિત્યમાં સ્ત્રી પર કરવામાં આવેલ આ સંશોધન કેટલું પ્રાસંગિક છે એ વિશે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં આ સંશોધન ગુજરાતી અને હિન્દી દલિત સાહિત્યની જીવનકથાઓને લેવામાં આવી છે. એ જ રીતે ભારતીય દલિત સાહિત્યમાં પણ આવી રીતે અનેક ભાષામાં સાહિત્ય અને જીવનકથાઓ પ્રાપ્ત થવા લાગી છે. તો એ સંદર્ભે આ કાર્ય મહત્વનું બની રહે છે. નવી જીવનકથાઓ અલગ સંઘર્ષ લઈને આવે છે કે નહીં તે પણ મહત્વનું છે. આ જીવનકથાઓ પરનું કાર્ય એટલાં માટે પણ મહત્વનું છે કે, આ જીવનકથાઓ એક દસ્તાવેજ છે જેના કારણે આપણે દલિત સમાજમાં સ્ત્રીની વાસ્તવિક સ્થિતિ જાણી શકીએ છીએ. આપણે આપણાં સમાજ સમાજ વચ્ચેના ભેદના કારણે આપણાં જ ગામમાં રહેલા સમાજથી અજાણ હોઈએ છીએ ત્યારે દલિત સમાજમાં સ્ત્રીની ભાવના કેવી હોય છે ને કેટલી પ્રબળ હોય છે તે બાબત અહીં જાણી શકાય છે. જે પ્રેરણા બની શકે એ કલમ દ્વારા પોતાનું ભાવિ પણ લખી શકે છે, સર્જી શકે છે.

ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં જેમ સ્ત્રી સંદર્ભે કાર્ય થયું એ જ રીતે ભવિષ્યમાં ભારતીય ભાષામાં લખાતી અને ઉપલબ્ધ જીવનકથાઓ કે આત્મકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરી શકાય. જેથી ભારતીય સમાજમાં સ્ત્રીનું સ્થાન શું છે એ વાસ્તવિકતા આપણી સામે આવી શકે. ભારતીય દલિત સાહિત્યમાં સ્ત્રી વિષય સંદર્ભે વધુ શોધની જરૂર છે. કારણ કે, હજું એમાં પુરુષવર્ગનું સાહિત્ય જ વધુ મળે છે. સ્ત્રી કલમની હજુ જરૂર છે માટે તે પર કાર્ય થવું જોઈએ ને કરી શકાય છે. સામાજિક, સમાજશાસ્ત્રીય અધ્યયન સાથે આર્થિક,

શૈક્ષણિક અને રાજનીતિક તેમજ ધાર્મિક, સાંસ્કૃતિક અધ્યયન પણ કરી શકાય છે. આ સંદર્ભે જ્યારે પણ કોઈ શોધાર્થી આવા વિષય પર કાર્ય કરશે ત્યારે આ શોધ અધ્યયન તેમને માર્ગદર્શકરૂપ કાર્ય કરશે.

ભારતીય દલિત સાહિત્યમાં ગુજરાતી અને હિન્દી દલિત સ્ત્રી જીવન કથાઓ પર શોધ કાર્ય કરતાં આ શોધ કાર્ય ભારતીય સંસ્કૃતિ અને ભારતીયતા ને જ ઉજાગર કરે છે. માટે તે સમગ્ર ભારતીય સમાજ તેમજ વિશ્વ સમાજના માનવ સમાજને મદદરૂપ થશે. આખરે તો સંશોધનનું કાર્ય સમાજના વિકાસ માટે અંગુલિનિર્દેશનું હોય છે અને માનવ સમાજને ઊર્ધ્વગામીતા તરફ લઈ જવાનું. આ શોધ વાસ્તવિતા દર્શાવતા પણ માનવ સમાજમાં હજુ મૂલ્ય બાકી છે અને તે જ દર્શાવે છે કે આ શોધ અધ્યયન માનવ સમાજના વિકાસ માટે, જ્ઞાનવર્ધન માટે જરૂરી બની રહેશે.

**પ્રકાશિત લેખ :**

શોધ અધ્યયન દરમ્યાન લગભગ 7 જેટલાં લેખ-આલેખ પ્રકાશિત થયેલાં છે. જે શોધ નિબંધમાં સમાવેશ કરવામાં આવ્યા છે. આ શોધ લેખોમાં પણ સાહિત્યમાં માનવ સમાજની વરવી વાસ્તવિકતા સાથે ભારતીયતા પણ દર્શાવવામાં આવી છે.

## પરિશિષ્ઠ 1 : પ્રાથમિક આધાર સંદર્ભ ગ્રંથ સૂચિ

ઉપર્યુક્ત શોધ અધ્યયન ક્ષેત્ર બાબતે દર્શાવવામાં આવ્યા છે. તેમજ શોધ અધ્યયનમાં અલગથી બતાવવામાં આવ્યા છે.

## પરિશિષ્ઠ 2 : સંદર્ભ ગ્રંથ સૂચિ

ગુજરાતી હિન્દી દલિત સાહિત્ય પર ઘણું કામ થયું છે. સર્જનાત્મક અને વિવેચનાત્મક પણ. માટે અહીં આધાર સંદર્ભ પર પ્રાથમિક આધારને લગતા સંદર્ભ ગ્રંથોને સંદર્ભ બાબતે લેવામાં આવ્યા છે. જેનો આ શોધ અધ્યયનમાં ઉપયોગમાં લેવામાં આવ્યા છે. જે આગળ ભવિષ્યમાં શોધ કરનાર શોધાર્થીને પણ માર્ગદર્શક રૂપ સૂચિ રહેશે. જેમાં સંદર્ભ ગ્રંથ સાથે ઓનલાઈન મળતી સામગ્રી કે સંદર્ભ, ગુજરાતી અને હિન્દી દલિત સાહિત્યને લગતી હિન્દી-

ગુજરાતી સામાયિક સૂચિ કે સામયિકોના નામ પણ આપવામાં આવેલા છે. જે સંદર્ભે આ સંશોધન વધુ મૂલ્યવાન બન્યું છે.

## 10. સંશોધનનું મહત્વ અને અપેક્ષિત પરિણામો (Significance and Expected Outcomes):

ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં દલિત સ્ત્રીની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સંદર્ભે સ્થિતિ અને ગતિની ચર્ચા કરવામાં આવી છે.

પ્રસ્તુત સંશોધન નિબંધમાં દલિત સાહિત્યમાં લખાતી દલિત જીવનકથાઓનો અભ્યાસ છે. એ જીવનકથામાં અભિવ્યક્ત સ્ત્રી પાત્રોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિનું વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેથી દલિત સ્ત્રી જીવન સંદર્ભે આપણે વિશેષ જાણી શકીશું. જાતિ અને લિંગભેદના શોષણ સંદર્ભે આપણે જાગૃત બનીશું અને દલિત મહિલા પ્રત્યે સંવેદના વ્યક્ત કરી તેમના માનવ મૂલ્યની જાળવણી કરીશું. જે આ સંશોધન નિબંધનું મહત્વ છે.

ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં ભાષા અને પ્રદેશ ભિન્નતા જરૂર છે. પરંતુ સ્ત્રીઓની સ્થિતિ ગુજરાત તેમજ હિન્દી પ્રદેશમાં સમાન જોવા મળે છે. જે બાબતે આ શોધ અધ્યયન દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો છે. ગુજરાતી દલિત સાહિત્યમાં હજુ દલિત સ્ત્રી કલમમાં જીવનકથાઓ મળવી દુર્લભ છે. જ્યારે હિન્દી દલિત સાહિત્યમાં ખુદ લેખિકાઓ પોતાનું સાહિત્ય સર્જન કરવા લાગી છે અને તેઓ સમયની માંગ સાથે પોતાના આત્મવૃત્ત પણ આપવા લાગી છે. જેના કારણે આપણે સ્ત્રીની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિથી વધુ રૂબરૂ થઈએ છીએ.

પ્રસ્તુત સંશોધન નિબંધ દ્વારા દલિત અધ્યયન, લિંગભેદ અધ્યયન (Gender Studies), સામાજિક, શૈક્ષણિક, આર્થિક અધ્યયન  અને તુલનાત્મક સાહિત્યના ક્ષેત્રમાં યોગદાન આપશે. આ શોધ નિબંધ દ્વારા દલિત સ્ત્રીઓના સશક્તિકરણ સંબંધિત સામાજિક સમજ અને નીતિઓને પરોક્ષ રીતે દિશા મળી શકે છે.

## 11. સંદર્ભ ગ્રંથસૂચિ (Bibliography):

ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : એક અધ્યયન ( સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સંદર્ભે) વિષય પર પ્રાથમિક અને અન્ય સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાહિત્યિક વિશ્લેષણાત્મક અને વિવેચનાત્મક અધ્યયન હોય સાથે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક અધ્યયન હોઈ અહીં દલિત સાહિત્યને લગતા સંદર્ભ ગ્રંથોની સહાય લેવામાં આવી છે. જે નીચે મુજબ છે :

### પ્રાથમિક આધાર સંદર્ભ સૂચિ :

### ગુજરાતી પ્રાથમિક આધાર સંદર્ભ સૂચિ :


1. *ગોખરુ* (ભાગ 1), પ્રો. ડૉ. મનુભાઈ એચ. મકવાણા, વડોદરા : સુરભી અને વંશ પ્રકાશન, 2021
2. *થોરનું ફૂલ* (ભાગ 1), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, પ્ર. આ. 2007, પુનઃ મુ. 2015. મૂ. 125.
3. *થોરનું ફૂલ* (ભાગ 2), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, 2010.
4. *થોરનું ફૂલ* (ભાગ 3), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, 2012, કિં. 250.
5. *થોરનું ફૂલ* (ભાગ 4), પી. કે. વાલેરા, અમદાવાદઃ ગુજરાત દલિત સાહિત્ય અકાદેમી, 2014, કિં. 350.
6. *પૂર્ણસત્ય*, બી. કેશરશિવમ્, અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, 2002.
7. *બજતા જાયે એકતારા (અર્ધસત્ય),* વિઠ્ઠલ 'રાય', મુંબઈ : નવભારત સાહિત્ય મંદિર, 2009, રૂ. 275.
8. *વડફળિયું*, મણિલાલ રાનવેરિયા, અમદાવાદ : દલિત સાહિત્ય અકાદમી, 2015


### હિન્દી પ્રાથમિક આધાર સંદર્ભ સૂચિ :


1. *अपनी जमीन अपना आसमां*, रजनी तिलक, दिल्ली : ईशा ज्ञानदीप, 2017, मु. 350.

2. *अपने अपने पिंजरे भाग 1*, मोहनदास नैमिशराय, वाणी प्रकाशन, नई दिल्ली, प्र. सं. 1995, आ. 2018.
3. *अपने अपने पिंजरे भाग 2*, मोहनदास नैमिशराय, वाणी प्रकाशन, नई दिल्ली, प्र. सं. 1995, आ. 2018.
4. *छूटे पन्नों की उड़ान*, अनीता भारती, नयी दिल्ली : स्वराज प्रकाशन, 2018, मु. 150.
5. *जूठन*, ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण प्रकाशन, नई दिल्ली, छठा संस्करण, 2012
6. *जूठन* (दूसरा खंड), ओमप्रकाश वाल्मीकि, राधाकृष्ण प्रकाशन, नई दिल्ली, प. सं. 2015, छठा संस्करण, 2019.
7. *टुकड़ा-टुकड़ा जीवन*, कावेरी, दिल्ली : ईशा ज्ञानदीप, २०१७, मु. 395.
8. *दोहरा अभिशाप*, कौशल्या बैसंत्री, परमेश्वर प्रकाशन, नई दिल्ली, 2009
9. *मणिकर्णिका*, डॉ. तुलसीराम, राजकमल प्रकाशन, नई दिल्ली, प. सं. 2014, प. आ. 2015. मू. 150
10. *मुर्दहिया*, डॉ. तुलसीराम, राजकमल प्रकाशन, नई दिल्ली, 2010. मू. 200.
11. *शिकंजे का दर्द*, सुशीला टाकभौरे, वाणी प्रकाशन, नई दिल्ली, 2011

**અન્ય આધાર સંદર્ભ સૂચિ:**

**ગુજરાતી સંદર્ભ સૂચિ:**

અવગાહન, નટુભાઇ પરમાર, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2022

આંબેડકરવાદી સાહિત્ય, ડૉ. રતિલાલ રોહિત, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2015

કપરા ચઢાણ (ગુજરાતના દલિતોની વિકાસગાથા), ડૉ. યોગેન્દ્ર મકવાણા, રાજકોટ : પૂનમ પ્રકાશન, 2007

ગુજરાતની આંબેડકરી ચળવળનો ઇતિહાસ (1920 થી 1970), પ્રા. ડૉ. પી. જી. જ્યોતિકર, ગાંધીનગર : ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મશતાબ્દી ઉજવણી સમિતિ ગુજરાત રાજ્ય, 1991

ગુજરાતી દલિત નિબંધ, સંપા. ભગીરથ બ્રહ્મભટ્ટ, ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, 2013

ગુજરાતી દલિત લેખિકાઓ : સાહિત્ય અને સમીક્ષા, સંપા. ડૉ. સુનીલ જાદવ, રાજકોટ ; પ્રવીણ પ્રકાશન, 2011

ગુજરાતી દલિત સાહિત્ય, ડૉ. ભીખુ વેગડા, ધોળકા : પ્રત્યાયન સાહિત્ય વર્તુળ, 2012

ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (દલિત સાહિત્યનો ઇતિહાસ), દલપત ચૌહાણ, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2008

જીવનકથા, મણિલાલ હ. પટેલ, અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, 1983

જીવન સંઘર્ષ : એક આદર્શ ક્રાંતિ કથા, ડાહ્યાભાઇ ર. દીનબંધુ, 2002.

દલિતાયન (વિવેચન સંગ્રહ), કેસર મકવાણા, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2015

દીકરી હેતની હેલી, જોસેફ મેકવાન, ગાંધીનગર, સમાજમિત્ર ચેરિટેબલ ટ્રસ્ટ, 2013

પ્રબુદ્ધ (ગુજરાતી આંબેડકરવાદી વિવેચન), સંપા. સંજય પ્રસાદ, હરીશ મંગલમ્, અરવિંદ વેગડા, પ્રવીણ ગઢવી, અમદાવાદઃ ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2016

બહુજન નારી રત્નો, સામંતભાઈ સોલંકી, જામનગર : મુક્તિનાયક પબ્લિકેશન, 2017

ભારતીય દલિત આત્મકથા, કાંતિ માલસતર, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, 2019

મનસ્થ, નટુભાઈ પરમાર, ગાંધીનગર, પોતે, 2007

મહાત્મા સવિત્રીબાઈ જ્યોતિરાવ ફુલેની જીવનગાથા, શાંતિ સ્વરૂપ બૌદ્ધ, અનુ. રાજૂ એ. પટેલ, રાજકોટ : બૌદ્ધ સમાજ-રાજકોટ, 2021

માં'યેલો ભીતર તો, જલે (વંચિતોના વલવલતા જીવતરની જીજીવિષાઓ ..), શંકર પેન્ટર, મહેસાણા : જાસૂદ પ્રકાશન, 2015

માતા રમાબાઈ આંબેડકરની જીવન ગાથા, ડૉ. કરુણશીલ રાહુલ, રાજકોટ : બૌદ્ધ સમાજ-રાજકોટ.

વિશ્વ વ્યાપવાની આકાંક્ષાએ ઊભેલી ..ભારતીય દલિત નારી લેખન, હયાતી (વિશેષાંક), અતિથિ સંપા. ફારૂક શાહ, અમદાવાદ : ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી, માર્ચ, 2012

**હિન્દી સંદર્ભ સૂચિઃ**

दलित साहित्य : अनुभव, संघर्ष एवं यथार्थ, ओमप्रकाश वाल्मीकि, नई दिल्ली : राधाकृष्णन, 2020

दलित साहित्य का स्त्रीवादी स्वर, विमल थोरात, नई दिल्ली : अनामिका, 2008

बहुजन महानायिकाएँ (सवित्रीबाई फुले से गौरी लंकेश), प्रदीप कुमार, नई दिल्ली, सिद्धार्थ बुक्स, 2018

संतप्त, सूरजपाल चौहान, नई दिल्ली: वाणी प्रकाशन, प्र. सं. 2006, द्वि. सं. 2007

समकालीन नरिवाद और दलित स्त्री का प्रतिरोध, अनिता भारती, नई दिल्ली : स्वराज प्रकाशन, 2013

हिन्दी दलित आत्मकथाएं : एक मूल्यांकन, पुनीता जैन, नई दिल्ली, सामयिक बुक्स, 2017

हिन्दी दलित आत्मकथाओं में बचपन, डॉ. राजेन्द्र बड़गुजर, नई दिल्ली : गौतम बुक सेंटर, 2013

આ સૂચિ માત્ર ઉદાહરણ છે. જ્યારે આ સિવાયના અનેક સંદર્ભ ગ્રંથોની સૂચિ સંશોધન નિબંધમાં આપવામાં આવી છે. ‘હમ દલિત’, દલિત અસ્મિતા’, ‘કથાદેશ’, હંસ’, ‘નયા માર્ગ’, ‘હયાતી’, ‘સમાજમિત્ર’, ‘દલિત ચેતના’, ‘શબ્દસૃષ્ટિ’ વગેરે જેવા સામયિકોનો પણ સંદર્ભ સૂચીમાં સામેલ કરવામાં આવ્યો છે.

ગુજરાતી-હિન્દી દલિત જીવનકથાઓમાં સ્ત્રી : એક અધ્યયન (સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સંદર્ભે) સંશોધન નિબંધને પ્રસ્તુત કરવામાં આવે છે. જેમાં ઉપર્યુક્ત બધા મુદ્દા પર કાર્ય કરવામાં આવ્યું છે. જે શોધ નિબંધનો સારાંશ કે નિષ્કર્ષ નીકળે છે તેને અહીં સંક્ષિપ્તમાં રજૂ કરવામાં આવ્યો છે. આશા છે કે, ભારતીયતા અને માનવ સમાજને દલિત સમયમાં સ્ત્રીની સ્થિતિ અને ગતિ કે વિકાસ વિશે જાણવા મળશે અને ભારતીયતા માટે પણ એ કેટલું જરૂરી છે કે ભારત દેશમાં એક સમાજમાં એક અલગ સ્ત્રી જેનું મહત્વ છે, અસ્તિત્વ છે અને આમ છતાં તેઓ સંઘર્ષ કરીને પોતાના સંતાનોને ભણાવે છે. શિક્ષણ બાબતે જાગૃત બને છે. આજે દલિત સમાજમાં સમાન રીતે સ્ત્રી-પુરુષ શિક્ષણ મેળવવા લાગ્યા છે. જે પરિવર્તન ભારતીય દલિત નારીને સશક્ત બનાવે છે. આમ, માનવ સમુદાયના ખોળામાં માનવ સમાજ અને દલિત નારીના હિતાર્થે આ સંશોધન નિબંધ પ્રસ્તુત કરું છું.

H. V. Parmar

પરમાર હરેશકુમાર વિરેજીભાઈ

Matashree J. S. Godhani Mahila Arts & Comm. College
Joshipura
Junagadh
College Code-70
Zone Code-94